**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૦ ટકા

# સેકટર-૭ ખાતે રાજયપાલે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો

## કુદરતી સંપદા દૂષિત કરીને આપણે પ્રકૃતિનો પ્રકોપ વ્હોરી રહ્યા છીએ : રાજયપાલ

### રાજયપાલે સફાઈ કર્મીઓનું સન્માન કર્યું



રાજયપાલે સે-૭માં સફાઈ કર્મીઓ પુષ્પાબેન વાઘેલા, બળદેવભાઈ, કેશાભાઈ, ગોવિંદભાઈ ચૌહાણ, વિનોદભાઈ સાકરીયા, કિશોર સંપટ, પ્રભુ વાઘેલા અને દિનેશ વાઘેલાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.





ગાંધીનગર, તા.૨૦

'કુદરતે આપણને કેટલી સંપદા આપી છે અને આપણે ગંદકી ફેલાવી આ કુદરતી સંપદાને દૂષિત કરી રહ્યા છીએ, આજ કારણથી આપણે પ્રકૃતિના પ્રકોપનો ભોગ બની રહ્યાં છીએ'. રાજયના રાજયપાલે આજે ગાંધીનગરના સેકટર-૭માં હાથમાં ઝાડુ લઈને સફાઈ કાર્ય કર્યું હતું તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શ્રમદાન કરાવવા સાથે તેમણે પ્રકૃતિના મહત્વ અંગે ઉપરોકત શબ્દો કહ્યા હતા. રાજયપાલ આચાય દેવવ્રતે આ પ્રસંગે સફાઈ કર્મચારીઓનું સન્માન કરવા સાથે ઉપસ્થિત તમામ નાગરિકોને સ્વચ્છતા જાળવણીનો સંકલ્પ લેવડાવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગરના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ સહિત સેકટર-૭ના અગ્રણી વપારીઓ અને સફાઈકર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાજયપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે 'સ્વચ્છતાનું કાર્ય એ સેવાનું કાર્ય છે અને સેવાનું કામ કરનાર પરમાત્માની સૌથી નજીક હોય છે. આથી આપણે સફાઈ કર્મીઓને આદરભાવથી જોવા જોઈએ. સ્વચ્છતાના કારણે બિમારીઓ પણ અટકે છે અને રાષ્ટ્રપિતા ગાધીજીએ કહ્યું હતું કે આપણા ઘરના શૌચાલય પણ એટલાં સ્વચ્છ હોવ જોઈએ કે જેમાં બેસીને આપણે પૂજા અર્ચના કરી શકીએ.'આ પ્રસંગે રાજયપાલે સૌને સ્વચ્છતા માટે સંકલ્પ લેવડાવવા ઉપરાંત સ્વચ્છ ભારત મિશનમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

# છાલા પાસે અલ્ટો કારમાંથી ૩૩ કિલો ગાંજો ઝડપાયો






ગાંધીનગર, તા.૨૦

ચિલોડા-હિંમતનગર હાઈ-વે પરથી છાલા ગામ પાસેથી ચિલોડા પોલીસે અલ્ટો કારમાંથી ૩૩.૦૫૧ ગાંજાનો જથ્થો પકડી પાડ્યો છે. ચિલોડા પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી કારમાંથી રૂ.૧.૯૮ લાખની કિંમતનો ગાંજાના જથ્થો પકડી પાડ્યો પરંતુ કાર ચાલક અંધારાનો લાભ લઈ નાસી છુટ્યો હતો. જયારે પોલીસે કાર અને ગાંજો મળી કુલ રૂ.૨.૯૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગત રોજ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજા તેમજ ટીમના હે.કો. દિગ્વિજયસિંહ ચંદનસિંહ, ઘનશ્યામભાઈ ખોડીદાસ, ગજેન્દ્રસિંહ પ્રવિણસિંહ, કાળાભાઈ માલજીભાઈ તેમજ કુંવરસિંહ કેસરીસિંહ નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હરીઓમ હોટલ પાસે અલ્ટો કાર રાજસ્થાન પાર્સિંગની અને હિન્દીમાં નંબર પ્લેટ લખેલી પડી હતી. આ કારને ચેક કરવા જતા ડ્રાઈવરે કાર હિંમતનગર હાઈ-વે તરફ દોડાવી દીધી હતી. પોલીસે તે કારનો પીછો કરતા છાલા ગામ નજીક કાર ચાલકે કાર ડીવાઈડર ઉપર ચઢાવી દીધી હતી અને ડ્રાઈવર અંધારાનો લાભ લઈ ભાગી ગયો હતો. પોલીસે અલ્ટો કાર નં. જી.જે.૨૪ સી.એ.-૫૮૫૨ ચેક કરતા તેમાંથી પાછળની ડેકીમાંથી વ્યવસ્થિત ગોઠવેલા અને પેક કરેલા ગાંજાના ૧૫ પેકેટ મળી આવ્યા હતા. પોલીસે પેકેટનું વજન કરતા ૩૩.૦૫૧ કિ.ગ્રા. જેની કિંમત રૂ.૧,૯૮,૩૦૬ થાય છે.જયારે ગાડીના ખાનામાંથી આરસી બુક, વીમા પોલીસી, પીયુસી સર્ટીફિકેટ, તેમજ મોબાઈલનું બીલ મળી આવ્યું હતું. જયારે ગાડી શિરોહી નજીકના ગામના વ્યકિતનું હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગાંજો અને કાર મળીને કુલ રૂ.૨,૯૮,૩૦૬નો મુદ્દામાલ કબ્જે કરી એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એન.એમ.બારીયા ચલાવી રહ્યા છે.

# સેકટર-૨૧માંથી એકસેસની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી બેફામ બની છે. શહેરના સેકટરોમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. વાહનચોર ટોળકીને પોલીસનો ભય ન હોય અને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે હવે વાહનચોર સેકટર-૨૧ જેવા ભીડવાડવાળા સેકટરોમાંથી દુકાન આગળ પાર્ક કરેલા કે વાહન પાર્કીંગમાં મુકેલા ટુ-વ્હીલરની આંખના પલકારમાં ચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે મળતી માહિતી મુજબ સેકટર-૨૧ ખાતેથી તાજેતરમાં એકસેસની ચોરી થવા પામી છે. એકસેસની ચોરીને પગલે ખરીદી માટે આવતા નગરજનો અને વેપારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. પોલીસના નાઈટ પેટ્રોલીંગ અને શહેરમાં ગોઠવેલા સીસીટીવી કેમેરા હોવા છતા બિન્દાસ પણે ચોર ઈસમો વાહનચોરી કરીને ગાયબ થઈ જાય છે. શહેરનો સામાન્ય નાગરીક ટુ-વ્હીલર પર હેલ્મેટ વિના કે કારમાં સીટબેલ્ટ બાંધ્યા વિના કેમેરામાં આબાદ કેદ થઈ જાય છે તો શુ ચોર ઈસમો કેદ થતા નથી.? શહેરમાં વધી રહેલી વાહનચોરીને પગલે નાગરીકો પોતાના ઘર પાસે પાર્ક કરેલા વાહનોની પણ સલામતી અનુભવી રહ્યા નથી. નગરજનો પણ રાત્રીના સમયે ઉભા થઈને પોતાનું વાહન છે કે નહી તેની ચકાસણી કરે છે. ત્યારે શહેરમાં વધતી વાહનચોરી અટકે તેવી લાગણી અને માંગણી નગરજનોની છે.



એલઆરડી ભરતી પ્રક્રિયા વિવાદમાં હવે કરણીસેનાએ ઝંપલાવ્યુ છે. ૧-૮-૨૦૧૮નો પરિપત્ર રદ ન કરવા રજૂઆત કરી તે સંદર્ભે એક આવેદનપત્ર કલેકટરને પાઠવવામાં આવ્યું છે.

# સેકટર-૨૧માં ખીસ્સાકાતરૂઓથી વેપારીઓમાં ભય

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ડીસ્ટ્રીકટ શોંપીગ સેન્ટર ખાતે નાગરીકો વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે આવે છે. ત્યારે આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ખિસ્સાકાતરૂ ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ખરીદી માટે આવતા નાગરીકોના ખિસ્સા ભીડભાળવાળી જગ્યામાં હળવા થાય છે ત્યારે સેકટર-૨૧માં ખિસ્સા કાતરૂ ટોળકી સક્રિય થતા નાગરીકો અને વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.



ગાંધીનગરના સેકટર-૧૫માં સમાવિષ્ટ ફતેપુરા ગામમાં પાણીના નવીન બોરનું આજે મુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



વૃક્ષો શહેરની શોભા છે. હારબંધ મકાનો વચ્ચે શોભતા વૃક્ષો શહેરને ગ્રામ્ય વિસ્તાર જેવો બનાવે છે. સુવ્યવસ્થિત રીતે ઉછેરવામાં આવેલા આ વૃક્ષો શહેરના વાતાવરણને સ્વચ્છ રાખે છે. પૃથ્વીનું ફેફસું કહેવાતા આ વૃક્ષોને સંસ્કાર ગ્રુપ દ્વારા નવું જ કલેવર ધારણ કરાવાયું છે. વૃક્ષોને સુશોભિત કરી રંગોળી કરવામાં આવી હતી જેથી આ વૃક્ષો દેખાવમાં ખુબ જ સુંદર લાગી રહ્યાં છે તથા સાથે દેશભકિતના ગીતો ગાવામાં આવ્યા હતા.

# ૨૬મીથી મધ્યાહન ભોજન કર્મચારીઓના બે દિવસીય પ્રતિક ઉપવાસ યોજાશે

છેલ્લા સાડા ત્રણ દાયકાથી સામાન્ય વેતનમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ સંચાલક, રસોઈયા અને મદદનીશ ફરજ બજાવી રહ્યા છે. સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો પગાર વધારા માટે કરી છે. તેમ છતા સરકારના પેટનું પાણી હલતુ નથી. સરકાર તરફથી મધ્યાહન ભોજનના કર્મચારીઓ માટે આજદિન સુધી હકારાત્મક વલણ અપનાવ્યું નથી. જેને પગલે કર્મચારીઓ રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે રાજયભરમાં એક લાખ જેટલા ફરજ બજાવતા કર્મચારીઓ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી એકતા મંચના નેજા હેઠળ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે તા.૨૬ જાન્યુઆરીથી બે દિવસીય પ્રતિક ઉપવાસ કરાશે, ત્યારબાદ આમરણાંત ઉપવાસ અને તેમ છતા કોઈ નિરાકરણ નહી આવે તો રાષ્ટ્રપતિ સમક્ષ સપરિવાર ઈચ્છા મૃત્યુની માંગ કરવાની ચિમકી ઓલ ગુજરાત રાજય મધ્યાહન ભોજન ભોજન કર્મચારી મંડળના પ્રમુખ કિશોરચંદ્ર જોશીએ ઉચ્ચારી છે.

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં કર્મચારીઓને કાયમી કરી ધારાધોરણ મુજબ વેતન આપવું, છેલ્લા કેટલાક સમયથી યોજનાનું સંચાલન એનજીઓને સોંપવામાં આવ્યું છે તે રદ કરવું અને જયાં સંચાલન ચાલે છે તે સ્થળે કોન્ટ્રાકટ રીન્યુ ન કરવો અને કર્મચારીઓનો સમાવેશ કરવો, ભોજન અને નાસ્તો આપવાનું નક્કી થયું છે, પરંતુ તંત્ર દ્વારા નાસ્તાને અનુરૂપ અનાજનો જથ્થો તેમજ પેશગી આજ સુધી પુરતા પ્રમાણમાં અને ગુણવતાયુકત આપવામાં આવતા નથી જેથી જુના મેનુ મુજબ ભોજન આપવા કર્મચારીઓની માંગણી છે.કર્મચારીઓ વયમર્યાદાને કારણે નિવૃત થતા કે આકસ્મિક સંજોગોમાં કેન્દ્ર ખાલી પડતા કર્મચારીઓના વારસદારોને નિમણુંક આપવી, મહિલા કર્મચારીઓને પ્રસુતા લીવ આપવી, સમયસર વેતન આપવું, સંચાલકને વાહન ભાડુ આપવુ તે સહિતની માંગણીઓ છેલ્લા ઘણા સમયથી પડતર છે તો આ માંગણીઓનો યોગ્ય નિકાલ આવે તેવી કર્મચારીઓની લાગણી અને માંગણી છે.

# સત્વરે ભરતી પ્રક્રિયા હાથ ધરવાની માંગ સાથે ટાટ પાસ ઉમેદવારો જૂના સચિવાલય ઉમટયા

## ખાલી જગ્યાઓ હોવા છતાં ભરતી પ્રક્રિયામાં વિલંબનો આક્ષેપ : પાસ ઉમેદવારોની વયમર્યાદાને અસર પડી રહી હોવાથી સત્વરે ભરતી કરવા માંગ




ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જૂના સચિવાલય ખાતે આજે ટાટ-૧ અને ટાટ-૨ પાસ ઉમેદવારોએ સત્વરે ભરતી પ્રક્રિયા હાથ ધરી હજારો બેરોજગાર ટાટ ઉમેદવારોને ભરતી કરવાની માંગ સાથે આવ્યા હતા. ટાટ પાસ ઉમેદવારોએ શિક્ષણ વિભાગના નાયબ શિક્ષણ નિયામક રાવલ સાહેબનો આવેદનપત્ર આપ્યું હતું.

રાજયમાં માર્ચ ૨૦૧૦માં ટાટ-૧ની પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ માત્ર ૮.૩૬ ટકા આવ્યું હતું. આ પરીક્ષામાં બેઠેલા ૭૫,૮૩૨ ઉમેદવારો પૈકી માત્ર ૬૩૧ ઉમેદવારો જ ઉત્તીર્ણ થયા હતા અને આવી અઘરી પરીક્ષા બાદ તેમજ અગાઉ ઓગષ્ટ ૨૦૧૫ની ટાટ-૧ પરીક્ષામાં પાસ થયેલા ૧૫૪૪૧ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા જેમાંથી માત્ર ૧૩૦૦ની ભરતી કરવામાં આવી છે તેથી બાકી ૧૪૧૪૧ અને માર્ચ ૨૦૧૮માં ૬૩૪૧ ઉમેદવારો મળીને ૨૦૪૮૧ ઉમેદવારો બેરોજગાર બનીને ફરી રહ્યા છે તેમને ધો-૧ થીપમાં વિદ્યાસહાયકોમાં ભરતી આપવા ટાટ પાસ ઉમેદવારો માંગણી કહી રહ્યા છે છેલ્લા ૧૦ વર્ષમાં માત્ર ૫૩૦૦ ઉમેદવારોની જ ભરતી કરવામાં આવી છે.

આજ રીતે રાજયમાં ટાટ-૨ પરીક્ષા ઓગસ્ટ ૨૦૧૭માં યોજાઈ હતી જેમાં ૫૦ હજારથી વધુ ઉમેદવાર ઉત્તીર્ણ થયા હતા અને આ ઉમેદવારોમાં ગણિત વિજ્ઞાનના ૮૬૧૩, ભાષામાં ૧૮૯૨૯ અનો સામાજિક વિજ્ઞાનમાં ૨૩૩૫૫ ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા. તા. ૧૫ ઓકટોબર ૨૦૧૯ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮માં ૧૧૬૬૪ જગ્યાઓ ખાલી હતી જે પૈકી હાલમાં ૮ હજારથી વધુ જગ્યાઓ ખાલી છે. સરકારના ભરતી કેલેન્ડર મુજબ દર વર્ષે ૨ હજાર વિદ્યાસહાયકની ભરતીની મંજુરી મળી છે પરંતુ ચાર માસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં ભરતી કરવામાં આવતી નથી જે સત્વરે ભરતી પ્રક્રિયા હાથ ધરાય તે માટે આજે ટાટ પાસ ઉમેદવારોએ નાયબ શિક્ષણ નિયામકનો આવેદનપત્ર આપ્યું હતું.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦
**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫
**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦
**છપાક**
૧.૩૦, ૫.૩૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૪.૧૦
**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫
**ગુડ ન્યૂઝ**
૯.૪૦
**છપાક**
૩.૫૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫
**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**
**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦
**છપાક**
૧.૦૦, ૯.૩૦
**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦
**છપાક**
૧૨.૨૫, ૭.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫
**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫
**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૯.૩૦
**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

## @ગાંધીનગર

● ભારતી બાપુની વ્યાસપીઠે રાત્રે ૮.૩૦ કલાકે સી-૬૦૬ સહજાનંદ શ્લોક સરગાસણ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

## અભિલેખાગાર અને ઈતિહાસ વિષય પર પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજય અભિલેખાગાર ખાતું ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જીતેન્દ્ર વી. શાહ દ્વારા એમ.સી. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પ્રાંતિજ ખાતે અભિલેખાગાર અને ઈતિહાસ વિષય પર રસપ્રદ પ્રવચન આપવામા આવ્યું હતું. જેમાં સો થી વધુ વિદ્યાર્થીઓએ હાજર રહી યોગ્ય માહિતી મેળવી હતી.

## ચિરવિદાય

● સ્વ. પટેલ સુશીલાબેન મનુભાઈ, ઉ.વ. ૫૩
● સ્વ. પટેલ શાન્તાબેન શાંતિલાલ, ઉ.વ. ૯૦